# વીર સાવરકર પર પ્રશ્ન પૂછનાર શિક્ષક સસ્પેન્ડ થતા ભાવનગરમાં આવેદનપત્ર પાઠવી વિરોધ



કેરળમાં ક્વિઝ સ્પર્ધા દરમિયાન સ્વાતંત્ર્ય સેનાની વીર સાવરકર વિશે પ્રશ્ન પૂછવા બદલ શિક્ષકને સસ્પેન્ડ કરાતાં દેશભરમાં આક્રોશ ફેલાયો છે. અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘના આહ્વાનથી ભાવનગર જિલ્લા પ્રાથમિક શૈક્ષણિક મહાસંઘ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. મહાસંઘના અધ્યક્ષ મનીષ જોગરાણાએ આ કાર્યવાહીને નિંદનીય ગણાવી શિક્ષકનું સસ્પેન્શન બિનશરતી રદ કરવાની અને શિક્ષકોને રાજકીય દબાણ વગર શૈક્ષણિક સ્વતંત્રતા આપવાની માંગ કરી છે. આવેદનપત્ર આપતી વખતે મોટી સંખ્યામાં શિક્ષકો અને હોદ્દેદારોએ ઉપસ્થિત રહી સૂત્રોચ્ચાર સાથે વિરોધ નોંધાવ્યો હતો.

# સુપેડી સ્ટેશનથી કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ બે જોડી ટ્રેનોના નવા સ્ટોપેજનો કર્યો શુભારંભ

કેન્દ્રીય શ્રમ, રોજગાર, યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ ૧૮ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ સુપેડી રેલવે સ્ટેશનથી ટ્રેન નંબર ૧૯૫૭૧ રાજકોટ-પોરબંદર એક્સપ્રેસને લીલી ઝંડી બતાવીને બે જોડી ટ્રેનોના વધારાના પ્રાયોગિક સ્ટોપેજનો પ્રારંભ કરાવ્યો હતો.ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા મુજબ, મુસાફરોની સુવિધા અર્થે રાજકોટ-પોરબંદર દૈનિક એક્સપ્રેસ અને પોરબંદર-ભાવનગર પેસેન્જર ટ્રેનને સુપેડી સ્ટેશન પર નવું સ્ટોપેજ આપવામાં આવ્યું છે.આ કાર્યક્રમમાં ભાવનગરના મંડળ રેલ



પ્રબંધક દિનેશ વર્મા સહિતના વરિષ્ઠ અધિકારીઓ, રેલવે કર્મચારીઓ અને સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. ટ્રેનોના આગમન સમયે ગ્રામજનો અને મુસાફરો દ્વારા ઉત્સાહપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું. લાંબા સમયની માંગ સંતોષાતાં વિસ્તારવાસીઓ અને રેલ મુસાફરોમાં ખુશીની લહેર ફરી વળી છે.

# તળાજામાં રત્નકલાકારોની હડતાળ: ભાવવધારો અને સમયસર પગારની માંગ સાથે કામકાજ ઠપ



તળાજા શહેરમાં મહેનત મુજબ યોગ્ય વળતર મેળવવા અને સમયસર પગારની માંગ સાથે રત્નકલાકારોએ કામથી અળગા રહીને અનિશ્ચિત મુદતની હડતાળ શરૂ કરી છે. રત્નકલાકારોનો આરોપ છે કે પગાર ચુકવણીમાં વિલંબ થતાં પરિવારોનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બન્યું છે.હડતાળને પગલે સ્થાનિક હીરા ઉદ્યોગના કારખાનાઓમાં કામગીરી પર ભારે અસર જોવા મળી રહી છે. રત્નકલાકારોની મુખ્ય માંગ કામના ભાવમાં વ્યાજબી વધારો કરવાની અને નિયમિત વેતન ચૂકવવાની છે. હવે આ મામલે કારખાનેદારો અને તંત્ર દ્વારા શું યોગ્ય નિર્ણય લેવાય છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

# ભાવનગર ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા ચાર વેપારીઓને રૂ. ૨.૫૦ લાખનો દંડ

## અનસેફ અથાણું, ભેળસેળયુક્ત માવો-પનીર અને વગર પરવાનાના ધંધા સામે એડજ્યુડિકેટિંગ ઓફિસરનો ચુકાદો

ભાવનગર,તા.૧૮

ભાવનગર જિલ્લા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા તાલુકા કક્ષાએ વિવિધ ખાદ્ય વિક્રેતાઓ અને ઉત્પાદક પેઢીઓમાં સઘન ચેકિંગ હાથ ધરીને લેબ ટેસ્ટિંગ માટે ખાદ્ય સામગ્રીના નમૂના લેવામાં આવ્યા હતા. અગાઉ નિષ્ફળ ગયેલા સેમ્પલોના રી-ટેસ્ટિંગ અને અપીલની પ્રક્રિયા પૂર્ણ થતાં, આ તમામ કેસો તાજેતરમાં એડજ્યુડિકેટિંગ ઓફિસર સમક્ષ સુનાવણીમાં આવ્યા હતા.

કાર્યવાહી દરમિયાન પાલિતાણા સ્થિત રાધે બેકરીનું 'હોપ્સ' બ્રાન્ડનું અથાણું અનસેફ સાબિત થતાં રૂ. ૫૦,૦૦૦નો દંડ કરાયો હતો. સિહોરના દ્વારકાધીશ સ્વીટ માર્ટમાંથી મેળવેલ લૂઝ મોળો માવો સબ-સ્ટેન્ડર્ડ મળતાં રૂ. ૧,૦૦,૦૦૦ તથા તળાજાની દીપ હોટેલમાં લૂઝ પનીરનું સેમ્પલ સબ-સ્ટેન્ડર્ડ આવતાં રૂ. ૫૦,૦૦૦નો દંડ ફટકારાયો હતો. ઉપરાંત સિહોરના આંબલા ગામે લાયસન્સ વગર વેપાર કરવા બદલ મિલન સુરેશભાઈ દવેને રૂ. ૫૦,૦૦૦નો દંડ કરાયો હતો. આમ, વિવિધ નિયમભંગ બદલ કુલ ચાર કેસમાં રૂ. ૨.૫૦ લાખનો દંડ વસૂલાતાં ભેળસેળિયા વેપારીઓમાં ફાળ પડી છે.

# 'વંદે માતરમ'ના અપમાન બદલ શહેર ભાજપ દ્વારા કેન્ડલ માર્ચ યોજીને કરાયું વિરોધ પ્રદર્શન



કોંગ્રેસના રાષ્ટ્રીય કાર્યાલય ખાતે 'વંદે માતરમ' ના સંપૂર્ણ ગાન પ્રત્યે અપમાનજનક વલણના વિરોધમાં ૧૬ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ ભાવનગર શહેર ભાજપ અને ભારતીય જનતા મોરચા દ્વારા કેન્ડલ માર્ચ યોજીને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. શહેર ભાજપ કાર્યાલયથી કોંગ્રેસ કાર્યાલય સુધીની આ કેન્ડલ માર્ચના સમાપન બાદ ઉપસ્થિતોએ સંપૂર્ણ વંદેમાતરમ ગાયને ભારતમાતા પરત્વે ભાવ વ્યક્ત કર્યો હતો. શહેર ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ ગોહિલ, મુકેશભાઈ ડાભી સહીત શહેર અને વોર્ડ સંગઠન, સ્ટે. ચેરમેન કિશનભાઈ મહેતા અને ડે. મેયર અશોકભાઈ બારૈયા સહીત મનપાના પદાધિકારીઓ અને નગરસેવકો, ભારતીય જનતા યુવા મોરચાના અધ્યક્ષ ભાવદીપસિંહ ગોહિલ અને યુવા મોરચાની ટીમ, વરિષ્ટ આગેવાનો અને કાર્યકર્તાઓ આ રેલીમાં ઉપસ્થિત રહ્યા હતાં.

# ભાવનગર મહાનગરપાલિકા દ્વારા 'મેગા સફાઈ અભિયાન'માં ૬૬ ટનથી વધુ કચરાનો નિકાલ

## ઈસ્કોન ક્લબ પાસે મેગા સફાઈ અભિયાનમાં મેયર, ચેરમેન કમિશનર સહિતના જોડાયા : શેરી નાટક દ્વારા જનજાગૃતિ ફેલાવાઈ





ભાવનગર,તા.૧૮

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા શહેરને સ્વચ્છ, સુંદર અને સ્વસ્થ બનાવવાના હેતુથી "રવિવારે સ્વચ્છતા અભિયાન" યોજવામાં આવ્યું હતું. આ ઝુંબેશ અંતર્ગત તા. ૧૬ને રવિવારે સવારે ૭:૩૦ કલાકે બોરતળાવ (ઈસ્કોન ક્લબ પાસે) ખાતે "મેગા સફાઈ અભિયાન" યોજાયું હતું.

આ અભિયાનમાં મેયર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન, મ્યુનિસિપલ કમિશનર, આરોગ્ય સમિતિના ચેરમેન, પદાધિકારીઓ, વન વિભાગના કર્મચારીઓ, સ્વચ્છતા બ્રાન્ડ એમ્બેસેડર, સ્વચ્છતા સ્વયંસેવકો, NGO, NSS, સ્કાઉટ ગાઈડ સંસ્થા, શાળાના વિદ્યાર્થીઓ અને સફાઈ મિત્રોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ દરમિયાન કાપડની થેલીઓનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

શહેરના તમામ વોર્ડમાં મુખ્ય જાહેર સ્થળો, ધાર્મિક સ્થળો અને બસ સ્ટેશન ખાતે યોજાયેલી આ સઘન સફાઈ ઝુંબેશ દરમિયાન ૭ ટ્રેક્ટર અને ૧૧ મિની ટીપર દ્વારા કુલ ૩૨ ફેરા કરીને અંદાજે ૬૬.૪૮ ટન કચરો એકત્ર કરી તેનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો.

મેગા સફાઈ અભિયાન બાદ નાટ્ય કલાકારો દ્વારા ઈસ્કોન ક્લબ પાસે તથા શિવાજી સર્કલ શાક માર્કેટ પાસે સ્વચ્છતા થીમ આધારિત શેરી નાટક રજૂ કરવામાં આવ્યું હતું. નાગરિકોને ઘર અને જાહેર સ્થળોએ સ્વચ્છતા જાળવવા, સ્ત્રોત પર જ કચરાનું વર્ગીકરણ કરવા તેમજ ભીનો અને સૂકો કચરો અલગ રાખવા અંગે જાગૃત કરવામાં આવ્યા હતા.

# ભાવનગરમાં ચેક રિટર્ન કેસમાં આરોપીને ૧ વર્ષની જેલ અને રૂ.૭.૩૪ લાખનો દંડ

## રકમ ન ચૂકવે તો વધુ ૩ માસની સાદી કેદની સજા; નેગોશિયેબલ ઈન્સ્ટુમેન્ટ એક્ટ હેઠળ અદાલતનો ચૂકાદો

ભાવનગર,તા.૧૮

ભાવનગરની અદાલતે ચેક રિટર્નના એક કેસમાં ગંભીર નોંધ લઈને આરોપી સુમરા સંજયભાઈ મનુભાઈ (રહે. ગાયત્રીનગર, ભાવનગર) ને કસૂરવાર ઠેરવી ૧ વર્ષની સાદી કેદ અને ચેકની રકમ મુજબ ૭,૩૪,૦૦૦ નો દંડ ફટકાર્યો છે. દંડની રકમ ન ભરે તો આરોપીએ વધુ ૩ માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

કેસની પ્રાપ્ત વિગતો મુજબ, ફરિયાદી જોય જુલિયસ પટેલ (રહે. રવિ પાર્ક સોસાયટી, ભાવનગર) પાસેથી આરોપી સુમરા સંજયભાઈ મનુભાઈએ બે વર્ષ પહેલાં મકાન લેવા માટે હાથ-ઉછીના ૭,૩૪,૦૦૦ લીધા હતા. તેમણે બેંકમાંથી લોન મંજૂર થતાં બે થી ચાર માસમાં રકમ પરત કરવાનું વચન આપ્યું હતું.

બાદમાં કાયદેસરની લેણી રકમ પરત ચૂકવવા માટે આરોપીએ એક્સિસ બેંક (લીલા સર્કલ શાખા, ભાવનગર) નો ૭,૩૪,૦૦૦ નો ચેક આપ્યો હતો. આ ચેક બેંકમાં જમા કરાવતા (ખાતામાં પૂરતું બેલેન્સ ન હોવાના કારણે પરત ફર્યો હતો.

ચેક પરત ફરતાં ફરિયાદીએ ધ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ અન્વયે ભાવનગર ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી. આ કેસ પાંચમા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ જીતેન્દ્રકુમાર પ્રભુદાસ પ્રજાપતિની કોર્ટમાં ચાલવા ઉપર આવ્યો હતો.ફરિયાદ પક્ષના વકીલ વિપુલ એન. અજવાળિયાની ધારાધાર દલીલો અને પુરાવા ધ્યાને લઈ અદાલતે આરોપીને દોષિત ઠેરવી ૧ વર્ષની જેલ અને ?૭.૩૪ લાખના દંડની સજા સંભળાવી હતી.

# ભાવનગર જિલ્લાને જોડતી વેરાવળ-સાબરમતી વંદે ભારત એક્સપ્રેસનો પ્રારંભ: મંત્રી નિમુબેનની જહેમત ફળી

## કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયા અને ધારાસભ્ય શંભુપ્રસાદજી ટુંડિયાએ લીલી ઝંડી આપી ટ્રેનને રવાના કરી; બોટાદથી ઢસા સુધી પ્રવાસ કરી પ્રજાજનો સાથે સંવાદ સાધ્યો

ભાવનગર,તા.૧૮

ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયના કેન્દ્રીય રાજ્યમંત્રી તથા ભાવનગર લોકસભાના સાંસદ નિમુબેન જયંતિભાઈ બાંભણિયાની અધ્યક્ષતામાં અને ગઢડાના ધારાસભ્ય શંભુપ્રસાદજી બલદેવદાસ ટુંડિયાની વિશેષ ઉપસ્થિતિમાં ઢસા જંક્શન રેલવે સ્ટેશન ખાતેથી વેરાવળ-સાબરમતી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન નં. ૨૬૯૦૨/૨૬૯૦૧ ના પરિવર્તિત માર્ગનો લીલી ઝંડી આપી શાનદાર પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે આયોજિત સમારોહમાં ઢસા ખાતે મંડળ રેલ પ્રબંધક દિનેશ વર્માએ ઉપસ્થિત જનપ્રતિનિધિઓનું પુષ્પગુચ્છથી ઉત્સાહભેર સ્વાગત કર્યું હતું. કાર્યક્રમમાં બોટાદ જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ પટેલ, બોટાદ જિલ્લા પંચાયત પ્રમુખ પાયલબેન માથોલિયા, ભાજપના હોદ્દેદારો તેમજ રેલવે વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બોટાદ રેલવે સ્ટેશન પર ધારાસભ્ય ઉમેશભાઈ મકવાણાની હાજરીમાં વંદે ભારતનું સ્વાગત કરાયું હતું. આ ઉપરાંત ધોળા રેલવે સ્ટેશન ખાતે પણ સ્થાનિક નાગરિકો દ્વારા ટ્રેનનું ઉષ્માભર્યું અભિવાદન કરવામાં આવ્યું હતું.

શુભારંભ બાદ કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણિયા, ધારાસભ્ય શંભુપ્રસાદજી ટુંડિયા અને અન્ય નેતાઓએ બોટાદથી ઢસા સુધી ટ્રેનમાં મુસાફરી કરી હતી. મુસાફરી દરમિયાન તેમણે રેલવે અધિકારીઓ અને મુસાફરો સાથે સંવાદ સાધીને તેમની પ્રતિક્રિયા જાણી હતી. મુસાફરોએ આ પરિવર્તિત માર્ગ બદલ આનંદ વ્યક્ત કરીને મંત્રીનો આભાર માન્યો હતો.









### કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયાએ વ્યક્ત કરેલો આશાવાદ

## સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાત વચ્ચે પ્રવાસન, વેપાર અને રોજગારીની નવી તકો ઊભી થશે



આ પ્રસંગે કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયાએ જણાવ્યું હતું કે, "પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના દુરંદેશી વિઝન અને રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવના સહયોગથી પવિત્ર શ્રાવણ માસમાં શરૂ થયેલી આ સેવા સોમનાથ દર્શને જતા શ્રદ્ધાળુઓ માટે સમય અને ખર્ચ બચાવનારી સાબિત થશે. આ સુવિધાથી સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાત વચ્ચે પ્રવાસન, વેપાર અને રોજગારીની નવી તકો ઊભી થશે."

ઉલ્લેખનીય છે કે, નવા પરિવર્તિત રૂટ હેઠળ ૮ કોચ ધરાવતી આ આધુનિક સેમી-હાઈસ્પીડ ટ્રેન હવે જૂનાગઢ, ચીતલ, ઢસા, ધોળા, બોટાદ, ધંધુકા, ધોળકા અને ગાંધીગ્રામ સ્ટેશનો પર સ્ટોપેજ સાથે દોડશે. ગુરુવાર સિવાય અઠવાડિયામાં ૬ દિવસ ચાલતી આ ટ્રેન બપોરે ૦૩:૫૦ કલાકે વેરાવળથી ઉપડી રાત્રે ૧૦:૨૫ કલાકે સાબરમતી પહોંચશે. આ ટ્રેનમાં એક્ઝિક્યુટિવ ચેર કાર, સીસીટીવી, બાયો-વેક્યુમ શૌચાલય, મિની પેન્ટ્રી, વ્હીલચેર સુવિધા અને ઓન-બોર્ડ વાઈ-ફાઈ જેવી અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

# મનપા દ્વારા બાકી વેરો વસૂલવા 5 મિલકતો સીલ

## મિલકત વેરા આવક રૂ.૧૩૭.૬૧ કરોડે પહોંચી, ચાલુ નાણાકીય વર્ષમાં વેરા આવકમાં રૂ. ૮.૩૫ કરોડનો વધારો

ભાવનગર,તા.૧૮
ભાવનગર મહાપાલિકાના ઘરવેરા વિભાગ (મધ્ય) દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ની કાર્પેટ એરિયા કર પદ્ધતિ હેઠળ મિલકત વેરા વસુલાતની ઝુંબેશ પુરજોશમાં ચાલી રહી છે. તા. ૧૭/૦૮/૨૦૨૬ ને સોમવારના રોજ એક જ દિવસમાં કુલ ૨૬૮ કરદાતાઓ દ્વારા ?૧.૧૦ કરોડનો મિલકત વેરો ભરપાઈ કરવામાં આવ્યો છે. આ સાથે જ મહાનગરપાલિકાની ચાલુ નાણાકીય વર્ષની કુલ વેરા આવક રૂ.૧૩૭.૬૧ કરોડ પર પહોંચી ગઈ છે.

ગત નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ ની સરખામણીએ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માં કરદાતાઓ અને આવક બંનેમાં મોટો વધારો જોવા મળ્યો છે:

ઘરવેરા વિભાગ દ્વારા તા. ૧૭ના રોજ બાકી વેરો ન ભરનાર વધુ ૦૫ મિલકતોને સીલ કરવામાં આવી છે. આ સાથે ચાલુ નાણાકીય વર્ષમાં સીલ કરવામાં આવેલી કુલ મિલકતોની સંખ્યા ૩૧૪ થઈ છે. મહાનગરપાલિકા દ્વારા આગામી દિવસોમાં સઘન રિકવરી વસુલાત હાથ ધરાનાર હોવાથી, મિલકત ટાંચ કે જપ્તીની દંડનીય કાર્યવાહીથી બચવા નાગરિકોને સત્વરે બાકી વેરો ભરી દેવા અનુરોધ કરાયો છે.

કરદાતાઓ મહાનગરપાલિકાની વેબસાઈટ અથવા મોબાઈલ એપ્લિકેશન દ્વારા ઓનલાઈન વેરો ભરી શકે છે. આ ઉપરાંત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી, પૂર્વ ઝોનલ કચેરી (તરસમિયા રીંગ રોડ) અને પશ્ચિમ ઝોનલ કચેરી (આખલોલ જકાતનાકા) ખાતે રોકડા, ચેક, POS મશીન કે ડેબિટ/ક્રેડિટ કાર્ડથી પણ વેરો ચૂકવી શકાય છે.

# ગ્રીનસીટી, શેઠ બ્રધર્સ દ્વારા ધ્વજવંદન સાથે વૃક્ષારોપણ




૧૫મી ઓગસ્ટ સ્વાતંત્ર્ય દિવની ઉજવણી ગ્રીનસીટી - શેઠ બ્રધર્સ દ્વારા ધ્વજવંદનની સાથે શેઠ બ્રધર્સની ઓફિસ પાસે વૃક્ષારોપણ કરી કરવામાં આવી હતી. ઉત્સાહ અને દેશભક્તિના વાતાવરણ વચ્ચે શેઠ બ્રધર્સનો તમામ ઓફિસ સ્ટાફ તથા ગ્રીનસીટીના તમામ સભ્યો જોડાયા હતા. શેઠ બ્રધર્સના દેવેનભાઈ શેઠ તથા ગૌરવભાઈ શેઠના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતું.

# સુરતના સાસરિયાએ પરિણીતાને ત્રાસ આપ્યો

ભાવનગર, તા. ૧૮
ગારિયાધારના વેળાવદર ગામે રહેતા અને લસકાણા સુરત ખાતે સાસરું ધરાવતા જાગૃતિબેન હરેશભાઈ ખીમસુરીયાએ ગારિયાધાર પોલીસ મથકમાં સતીષ દિનેશભાઈ બાબરિયા, દિનેશ ચકુરભાઈ બાબરિયા, વર્ષાબેન દિનેશભાઈ બાબરિયા, પાયલબેન હર્ષદભાઈ બાબરિયા, જાગૃતિબેન સાગરભાઈ બાબરિયા, સાગર દિનેશભાઈ બાબરિયા (તમામ રહે.લસકાણા, સુરત, મુળ રહે.કણકોટ, તા.લીલીયા, જિ.અમરેલી) સામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં ઉક્ત તેમના પતિ, સાસુ-સસરા અને જેઠ-જેઠાણી દ્વારા શારીરિક માનસિક ત્રાસ આપતા હતા. આ અંગે ગારિયાધાર પોલીસે ગુનો નોંધ્યો છે.

# ધારૂકા ગામે અકસ્માતમાં સગીરને લોહિયાળ ઈજા

ભાવનગર, તા. ૧૮
ઉમરાળા તાલુકાના ધારૂકા ગામે રહેતા રોહિતભાઈ ભીખાભાઈ પરમારે ઉમરાળા પોલીસ મથકમાં હસુ વિહાભાઈ રબારી (રહે. ધારૂકા) સામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેમનો દિકરો સાયકલ લઈને જતો હતો ત્યારે ઉક્ત હસુભાઈએ મોટર સાયકલ પર ઘાસનો ભારો લઈને આવી તેમના દિકરાની સાયકલ સાથે અકસ્માત સર્જી ઈજા પહોંચાડી હતી. આ અંગે ઉમરાળા પોલીસે ગુનો નોંધ્યો છે.

# આડોડીયાવાસના મકાનમાંથી દારૂના ચપટા મળ્યા

ભાવનગર, તા. ૧૮
ઘોઘારોડ પોલીસે આડોડીયાવાસ ખાતે રહેતો રામસિંગ રતનસિંગ રાઠોડના મકાનના છાપરામાં દરોડો પાડી તલાશી લેતા વિદેશી દારૂના ૧૨ ચપટા રૂ.૨૦૪૦ના મુદ્દામાલ મળી આવતા પોલીસે કબ્જે લીધા હતો. જ્યારે રામસિંગ ફરાર થઈ જતા પોલીસે તેના વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સર ટી. હોસ્પિ.માં જૂની અદાવતે યુવક પર છરીથી હુમલો: પિતાને પણ મારમાર્યો

ભાવનગર,તા.૧૮
ભાવનગરના નિર્મળનગરમાં રહેતા અને કેબલનો ધંધો કરતા સંજયભાઈ ભુપતભાઈ ચૌહાણ (રાજપૂત) ગત તા.૧૭ના રોજ રાત્રે સર ટી. હોસ્પિટલની જૂની બિલ્ડિંગમાં દાખલ પોતાના કાકીના ખબર-અંતર પૂછવા ગયા હતા. તે દરમિયાન ત્યાં અગાઉની જૂની અદાવત ઝઘડાની દાઝ રાખી આરોપી ખુશાલ દીપકભાઈ પરમાર, રોહિત અને એક અજાણ્યો શખ્સ આવી પહોંચ્યા હતા.

આરોપી ખુશાલે સંજયભાઈને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. મામલો ઉગ્ર બનતા ખુશાલે પોતાની પાસે રહેલી છરી વડે હુમલો કર્યો હતો, જે બચાવવા વચ્ચે પડેલા સંજયભાઈના પિતા ભુપતભાઈને છરીનો સરકો વાગ્યો હતો. તેમજ આરોપીઓએ ભુપતભાઈને થપાટ મારી નાસી છૂટ્યા હતા. અગાઉ છ મહિના પહેલા થયેલા ઝઘડાની અદાવત રાખી આ હુમલો કરવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું છે. સમગ્ર બનાવ અંગે ભોગ બનનારની ફરિયાદના આધારે પોલીસે આરોપી ખુશાલ દીપકભાઈ પરમાર અને અજાણ્યા શખ્સ વિરુદ્ધ મ્હજી કલમ ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫ મુજબ ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# ભારતીય મજદૂર સંઘ દ્વારા કામદારોના પડતર પ્રશ્ને લડત: જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું

## ન્યૂનતમ વેતન રૂ. ૨૫,૦૦૦ કરવા અને આશા-આંગણવાડી વર્કરોને સરકારી કર્મચારી ગણવા સહિતની ૧૨ મુખ્ય માંગણીઓ રજૂ કરાઈ

ભાવનગર,તા.૧૮
ભાવનગરમાં 'ભારતીય મજદૂર સંઘ' (BMS) દ્વારા શ્રમિકો અને મજૂરોના વિવિધ પડતર પ્રશ્નોના ઉકેલ અર્થે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. દેશના સૌથી મોટા શ્રમિક સંગઠન તરીકે દાવો કરતાં BMSએ જણાવ્યું છે કે વધતી મોંઘવારીના સમયમાં શ્રમયોગીઓનું આર્થિક અને સામાજિક શોષણ અટકાવવા સરકારે તાકીદે ન્યાયી નિર્ણયો લેવા જરૂરી છે.

આ આવેદનપત્રમાં શ્રમિકોના હિતાર્થે ૧૨ પ્રમુખ માંગણીઓ રજૂ કરવામાં આવી છે, જેમાં શ્રમિકોનું માસિક ન્યૂનતમ વેતન રૂ. ૨૫,૦૦૦ નક્કી કરવું, ESIC મર્યાદા રૂ. ૨૫,૦૦૦ અને PF સીલિંગ રૂ. ૨૫,૦૦૦ સુધી વધારવી શામેલ છે. તે સિવાય બોનસ ગણતરીની મર્યાદા રૂ. ૧૫,૦૦૦ તથા પાત્રતા મર્યાદા રૂ. ૩૫,૦૦૦ કરવા માંગ કરાઈ છે. આંગણવાડી, મધ્યાહન ભોજન અને આશા વર્કરોને સરકારી કર્મચારીનો દરજ્જો આપવા, સમાન કામ માટે સમાન વેતન લાગુ કરવા, ૪ શ્રમિક વિરોધી લેબર કોડ રદ કરવા, EPS-95 પેન્શન રૂ. ૧૦,૦૦૦ કરવા, કન્ટ્રાક્ટ પદ્ધતિ નાબૂદ કરી કાયમી રોજગારી આપવા અને ગ્રેચ્યુઈટીની રકમ ત્વરિત ચૂકવવાની માગ કરવામાં આવી છે.

ભાવનગર જિલ્લા મંત્રી નરેશભાઈ મકવાણા જણાવે છે કે જો આ વ્યાજબી માંગણીઓ પર વહેલી તકે યોગ્ય નિર્ણય નહીં લેવાય તો આગામી દિવસોમાં રાજયવ્યાપી અને દેશવ્યાપી આંદોલન કરવામાં આવશે.

# કુંભારવાડામાંથી જુગાર રમતી ત્રણ મહિલા સહિત પાંચ ઝડપાયા

ભાવનગર, તા. ૧૮
બોરતળાવ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આવેલ કુંભારવાડા વિસ્તારમાં હનુમાનજી મંદિર પાછળ જાહેર જગ્યામાં ગંજીપત્તા વડે પૈસાની હાર-જીતનો જુગાર રમતા રવજી ઉર્ફે ગોકો બોઘાભાઈ ધાધુ, સુરપાલસિહ જયરાજસિહ ગોહીલ, રસીલાબેન હિરાભાઈ ચૌહાણ, નીતાબેન રાજુભાઈ ચૌહાણ, મજુબેન રતીભાઈ બારૈયાને પોલીસે ઝડપી પાડયા છે. પોલીસે ઘટના સ્થળેથી રોકડા રૂપિયા ૮,૮૧૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ વિરુદ્ધ જુગાર ધારા હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મહુવા પોલીસે ઝડપ્યો વિદેશી દારૂનો મોટો જથ્થો, રૂા.૩.૨૦ લાખના મુદ્દામાલ સાથે એકની ધરપકડ

## રાજુલાના ખેરા પટવા ગામેથી લવાયેલો દારૂ મહુવાના શખ્સને આપવાનો હતો

ભાવનગર,તા.૧૮
ભાવનગર જિલ્લાના મહુવા ટાઉન પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીઓએ રાત્રી પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે 'રા'વંશ હોટલ સામેથી એક શંકાસ્પદ સફેદ રંગની બલેનો કાર (GJ-03-JC-8940) ને કોર્ડન કરી રોકી હતી. પંચોની હાજરીમાં ગાડીની તલાશી લેતા ડ્રાઈવર સીટ પર બેસેલ રાકેશગીરી ઉર્ફે ભોલુ દેવગીરી ગૌસ્વામી (રહે. મહુવા) ના કબજામાંથી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ગાડીમાંથી રોયલ સ્ટેગ વ્હીસ્કી ૭૫૦ એમ.એલ ૨૪ બોટલ, ઈમ્પીરીયલ બ્લુ વ્હીસ્કી ૧૮૦ એમ.એલની ૮૪ બોટલ તેમજ બલેનો કાર કિંમત ૩,૦૦,૦૦૦ મળીને કુલ રૂ.૩,૨૦,૪૦૦નો મુદામાલ જપ્ત કર્યો હતો. પૂછપરછ દરમિયાન ઝડપાયેલા આરોપીએ કબૂલાત કરી હતી કે આ દારૂનો જથ્થો રાજુલાના ખેરા પટવા ગામના ચિંતનભાઈ બાબુભાઈ ગુજરીયા પાસેથી લાવ્યો હતો અને તે મહુવા રહેતા મોનિષ ઉર્ફે ચીકુ હસનાણીને આપવા જઈ રહ્યો હતો. પોલીસે મુખ્ય ડ્રાઈવરની ધરપકડ કરી છે અને અન્ય બે ઈસમો વિરુદ્ધ પ્રોહીબિશન એક્ટની કલમ ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૮૧, ૮૩ અને ૯૮(૨) મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મહુવામાં બુટલેગર પાસે હપ્તાની માંગણી કરનાર પીએસઆઈ પરમાર સસ્પેન્ડ: ACB દ્વારા ડિમાન્ડ કેસની તૈયારી શરુ

## દારૂના ધંધાર્થી સાથેની વાતચીતનો ઓડિયો વાયરલ થતાં SP નિતેશ પાંડેયની કાર્યવાહી; કેસ દાખલ કરવા એસીબી દ્વારા વડી કચેરી સમક્ષ મંજૂરી મંગાઈ

ભાવનગર,તા.૧૮
ભાવનગર જિલ્લાના મહુવા પોલીસ મથકમાં ફરજ બજાવતા પીએસઆઈ પી.એમ. પરમાર અને સ્થાનિક બુટલેગર લાલા વચ્ચેની વાતચીતનો ઓડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં સમગ્ર પોલીસ બેડામાં ભારે ચકચાર મચી ગઈ છે. ઓડિયોમાં પીએસઆઈ પરમાર બુટલેગર પાસે દેશી દારૂના હપ્તાના નાણાંની ઉઘરાણી કરતા સંભળાય છે, જેમાં તેઓ કહે છે કે, "આપવાનું છે કે નહીં... મને ભીખ માંગવી ગમતી નથી." આ મામલે બુટલેગરે દાવો કર્યો હતો કે તે હાલ રિક્ષા ચલાવે છે છતાં પીએસઆઈ દ્વારા વારંવાર પૈસાની માંગણી કરાતી હતી. આ અંગે તેણે એસીબી (ACB) માં અરજી આપતા અગાઉ પીએસઆઈને પકડવા ટ્રેપ ગોઠવાઈ હતી, પરંતુ તે નિષ્ફળ રહી હતી. આખરે ફરજમાં નિષ્કાળજી અને ગંભીર આક્ષેપોને પગલે જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા પીએસઆઈ પરમારને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી ખાતાકીય તપાસ સોંપવામાં આવી છે. બીજી તરફ, એસીબીના પીઆઈ ટી.એસ. રીઝવીના જણાવ્યા મુજબ પીએસઆઈ સામે ડિમાન્ડ કેસ દાખલ કરવા અમદાવાદ વડી કચેરીને રિપોર્ટ મોકલી મંજૂરી માંગવામાં આવી છે.


**જાહેર નોટીસ**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૩૮૭/૨૦૨૬**
**જન્મ તારીખ :૨૩/૧૦/૨૦૧૦**

**શ્રી સોફિયા અજય પારેમલ,**
**રહે. પ્લોટ નં. ૧૦, અંબિકા પાર્ક, એરપોર્ટ રોડ, સુભાષનગર, ભાવનગર. મો-૯૪૨૭૪૧૬૫૭૭**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી સોફિયા અજય પારેમલએ તેમના પુત્રી અનન્યા અજય પારેમલ નો જન્મ તા.૨૩/૧૦/૨૦૧૦ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૭/૦૮/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર ભાવનગર**



**જાહેર નોટીસ**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૧૬૪/૨૦૨૬**
**જન્મ તારીખ :૨૮/૦૯/૧૯૮૬**

**શ્રી નજમાબેન ઉસ્માનભાઈ કાજી,**
**રહે. પ્લોટ નં.૪૫, શેરી નં.૩, શેઠ ગોરધનદાસ કોલોની મીલની ચાલી પાસે, કુંભારવાડા,ભાવનગર. મો-૯૯૨૪૨૦૭૯૭૭**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**બાબત : જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી નજમાબેન ઉસ્માનભાઈ કાજીએ તેમના પુત્ર હસન ઉસ્માનભાઈ શેખ નો જન્મ તા.૨૮/૦૯/૧૯૮૬ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૩૦/૦૭/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર ભાવનગર**



**ઓન લાઈન જાહેર નિવીદા નં.૧૭/ ૨૦૨૬-૨૭**
**પંચાયત માર્ગ અને મકાન વિભાગ બોટાદ**

કાર્યપાલક ઈજનેર મા. મ. વિભાગ જિલ્લા પંચાયત બોટાદ દ્વારા (ફોન નં ૦૨૮૪૯-૨૭૧૪૭૨) સરકારશ્રીના માન્ય યાદીમાં નોંધાયેલ ઈજારદાર પાસેથી નીચે મુજબની જુદી જુદી યોજનાઓ માટે ટેન્ડર માંગવામાં આવે છે.

| | | |
|---|---|---|
| સી.ડી.પી-૩ | ૧ કામ | ૧૫ લાખ |

આ કામના ટેન્ડરો https://tender.nprocure.com વેબ સાઈટ ઉપરથી મળશે.અને આ સાઈટ ઉપર ઓન લાઈન ભરવાના રહેશે.આ અંગે ની વિગત વાર વિજ્ઞાપન મા.મ પંચાયત વિભાગના નોટીસ બોર્ડ ઉપર તથા માહિતી વેબ સાઈટ https://www.statetenders.com ઉપર જોવા મળશે અને ટેન્ડર અપલોડ કરતા સમયે પ્રસિધ્ધ કરવામા આવશે.ઓન લાઈન ટેન્ડર મોકલવાની તારીખો નીચે મુજબ રાખવામાં આવેલ છે. ટેન્ડરો રૂબરૂ/ ટપાલથી સ્વીકારવામાં આવશે નહી.

| | |
|---|---|
| ભાવપત્રકના દસ્તાવેજનું ડાઉન લોડીગ અને ટેન્ડર સબમીશનની છેલ્લી તારીખ અને સમયે | તા.૦૧/૦૯/૨૦૨૬ ૧૮.૦૦ કલાક સુધી |
| ટેન્ડર ખોલવા ની તારીખ અને સમય | તા.૦૨/૦૯/૨૦૨૬ ૧૨.૦૦ કલાકે |
| ટેન્ડર ફી,બાનાની રકમ રજુ કરવાની તારીખ રજીસ્ટર્ડ એ.ડી થી | ટેન્ડર ઓન ખોલ્યા તારીખથી ૭ દિવસ સુધીમાં |

માહિતી-ભાવ-૫૩૯-૨૬



**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,**
**ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા નં. ૧૦/૨૦૨૬-૨૭**

ગુજરાત પાણી પૂરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય યાંત્રિક વિભાગ, ભાવનગર દ્વારા ઈ-ટેન્ડરીગ પધ્ધતિ થી (૧) બોટાદ જીલ્લાના જુદા જુદા તાલુકાના જુદા જુદા ગામોએ ૨૦૦ એમ.એમ.ડાયા ડીટીએચ રિંગ કોંબીનેશન/ડીટીએચ બોર શારકામની કામગીરી(ટેન્ડર આઈ.ડી.નં:૩૩૫૨૨૪-સાતમો પ્રયત્ન) (૨) ભાવનગર જીલ્લાનાં યાંત્રિક પેટા વિભાગ હેઠળના જુદા જુદા તાલુકાઓના જુદા-જુદા ગામોમાં ૨૦૦ મીમી વ્યાસના DTH Combination બોર શારકામની કામગીરી (ટેન્ડર આઈ.ડી.નં:૩૩૫૦૪૭-છઠ્ઠો પ્રયત્ન) જેની ઓનલાઈન સબમીશનની છેલ્લી તા. ૨૪-૦૮-૨૦૨૬ ૧૮:૦૦ કલાક સુધી રહેશે. ફીઝીકલ સબમીશન તા.૨૫-૦૮-૨૦૨૬ ??:?? કલાક સુધીમાં રજી.એ.ડી./સ્પીડ પોસ્ટ/કુરિયર સર્વિસથી મોકલવાના રહેશે. બાના મુક્તી પ્રમાણપત્ર સ્વીકારવામાં આવશે નહી. તેમજ તમામ ટેન્ડરો કોઈપણ કારણ દર્શાવ્યા વીના રદ કરવાનો અધિકાર આ કચેરીનો છે. વધુ વિગતો http:/ www.tender.nprocure.com વેબ સાઈટ પર ઉપલબ્ધ છે. પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડની હેલ્પ લાઈન નં. ૧૯૧૬ નો સંપર્ક કરવા અનુરોધ છે. હવે પછી જો કોઈ સુધારા હશે તો તે ફકત વેબસાઈટ પર જ જાણવા મળશે.

માહિતી-ભાવ-૫૩૬-૨૬



**જાહેર નોટીસ**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૨૮૫/૨૦૨૫**
**મૃ.તા. :૧૫/૦૩/૧૯૬૫**

**શ્રીમહંમદ સજ્જાદભાઇ કાપડીયા,**
**રહે. કામળફળી ચોક, ભીલવાડા સર્કલ, ભાવનગર.**
**મો.૯૮૨૪૮૮૮૮૩૭**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**બાબત : જન્મ અને મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે મૃત્યુની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી મહંમદ સજ્જાદભાઇ કાપડીયાએ તેમના દાદા અબ્દુલહુસેન કિકાભાઇ કાપડીયા નું મૃત્યુ તા.૧૫/૦૩/૧૯૬૫ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઇ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૨૬/૦૨/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર ભાવનગર**



**જાહેર નોટીસ**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી નં ૨૬૭/૨૦૨૬**
**જન્મ તારીખ :૦૫/૦૩/૧૯૬૭**

**શ્રી સલીમભાઇ હારૂનભાઇ સુમરા,**
**રહે. ૩૨૧/૨/૩, વિષ્ણુ સોસાયટી, નાથુ ઘાસલેટવાલાની ચાલીની સામે, દાણીલીમડા,**
**અમદાવાદ, મો.૭૯૯૦૩૨૩૩૩૪**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**બાબત :જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી સલીમભાઇ હારૂનભાઇ સુમરાએ તેમનો જન્મ તા.૦૫/૦૩/૧૯૬૭ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે, અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૧૭/૦૮/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર ભાવનગર**



**જાહેર નોટીસ**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર ગ્રામ્ય**

**કેસ રજી નં ૧૩૬/૨૦૨૬**
**જન્મ તા.૦૬/૦૫/૨૦૦૫**

**શ્રી કાનજીભાઈ જમુરભાઈ સરવૈયા,**
**રહે.પ્રાથમિક શાળાની બાજુમાં, રામપર, તા.જિ.ભાવનગર.**

**વિરુધ્ધ**

**જન્મ મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ મંત્રીશ્રી,**
**રામપર ગ્રામ પંચાયત કચેરી, મુ. રામપર, તા.જી.ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી કાનજીભાઈ જમુરભાઈ સરવૈયા રહે.રામપર, તા.જિ.ભાવનગરએ પોતાના પુત્ર શ્રી કબીરભાઈ કાનજીભાઈ સરવૈયાનો જન્મ તા.૦૬/૦૫/૨૦૦૫ના રોજ રામપર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વડીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૭/૦૮/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**મામલતદાર અને એક્ઝીક્યુટીવ**
**મેજીસ્ટ્રેટ ભાવનગર**



**જાહેર નોટીસ**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર ગ્રામ્ય**

**કેસ રજી નં ૧૩૪/૨૦૨૬**
**મરણ તા.૦૧/૧૨/૧૯૮૪**

**શ્રી ધરમશીભાઈ જીવાભાઈ મકવાણા,**
**રહે.રામપર, તા.જિ.ભાવનગર**

**વિરુધ્ધ**

**તલાટી કમ મંત્રીશ્રી રામપર,**
**ગ્રામ પંચાયત કચેરી,મુ.રામપર, તા.જી.ભાવનગર**

**વિષય :- જન્મ-મરણ નોંધણી અન્વયે મુત્યુ નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ધરમશીભાઈ જીવાભાઈ મકવાણા, રહે.રામપર, તા.જિ.ભાવનગર તેમના દાદી શ્રી ગલાલબેન નાનુભાઈ મકવાણાનું મરણ તા.૦૧/૧૨/૧૯૮૪ રોજ રામપર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબ ની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત કેસ નંબરથી અરજી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઇપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૦૭/૦૮/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**(એમ.ડી.પરમાર)**
**મામલતદાર અને એક્ઝીક્યુટીવ**
**મેજીસ્ટ્રેટ ભાવનગર**

DR. LATHIYA'S SKIN CLINIC
Dr. Sandip Lathiya
MD, Skin & VD
Dermatologist, Cosmetologist & Dermatosurgeon
ગ્રાઉન્ડ ફ્લોર, કાર્લટન સ્કેવર, માધવદિપ કોમ્પલેક્ષની પાસે, કાળાનાળા, ભાવનગર ગુજરાત-૩૬૪૦૦૧
ઉપલબ્ધ સારવારો
• ખીલ અને ખીલના ડાઘ
• એલર્જી અને ખંજવાળ
• સફેદ ડાઘ (vitiligo)
• સોરાયસિસ અને એક્ઝિમા
• વાળ ખરવા અને ટાલ પડવી
• ફંગલ ઇન્ફેક્શન
• નખના રોગો
• બાળકો અને મહિલાઓના ચામડીના રોગો
વિશેષ સારવારો
• Laser Hair Removal
• Chemical Peel
• PRP Hair Treatment
• CO2 Laser Treatment
M. 79841 66946

LEELA NEWS NETWORK P. LTD
ભાવનગર આવૃત્તિ 8 તા. ૧૮-૦૮-૨૦૨૬, મંગળવાર
# સૌરાષ્ટ્ર આસપાસ
સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર
બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫

BLOSSOM WOMEN'S HOSPITAL & MATERNITY HOME
ડૉ. પૂજા ઘોરી લાઠીયા
એમ. એસ. સ્ત્રી રોગ તથા પ્રસુતિ નિષ્ણાત
Dr. Pooja Ghori Lathiya
MS Obstetrics and Gynecology
લેપ્રોસ્કોપિક સર્જન
ઉપલબ્ધ સુવિધાઓ:
• નોર્મલ તથા સિઝેરિયન ડિલિવરી
• સોનોગ્રાફી
• બાળક રહેવામાં તકલીફ
• ગર્ભાશય તથા ગાંઠના ઓપરેશન
• નળીમાં બાળક રહ્યું હોય તે દૂર કરવાની સુવિધા
• જોખમી ડિલિવરી
• ગર્ભાશયના કેન્સરનું રસીકરણ
+91 79843 10939
સરનામું : શોપ નં. ૨૦૪-૨૦૫, બીજો માળ, ઓરનેટ કોમ્પ્લેક્સ, રસોઈ હોટેલ ની નજીક, કાળુભા રોડ, ભાવનગર - ૩૬૪૦૦૧

# ઉખરલામાં જુગારીઓ પર 'ભેદી' રેડ : ભાગવા જતા ૪ કુવામાં ખાબક્યા, ત્રણના મોત








## 'ભાગો'ની બૂમ પડતાં અફરાતફરી મચીઃ જોકે, પોલીસ દ્વારા રેડ કર્યાનો ઈનકાર, પરિવારજનોનો સવાલ પોલીસ નહિ તો કોણે દરોડો કર્યો : હાલ સમગ્ર ઘટના અંગે ભારે તર્કવિતર્ક ; મૃતકના પરિવરજનોમાં ઘેરો રોષ

ભાવનગર,તા.૧૮

વરતેજ પોલીસ સ્ટેશન હેઠળના ઉખરલા ગામે મોડી રાત્રે વાડી વિસ્તારમાં ગંભીર દુર્ઘટના સર્જાઈ હતી, જેમાં વાડીના કૂવામાં પડી જવાથી ત્રણ યુવકોના મોત નીપજ્યાં છે. સુત્રોથી પ્રાપ્ત વિગતો અનુસાર વાડીમાં આશરે ૧૧ જેટલા લોકો ભેગા મળીને જુગાર રમી રહ્યા હતા, તે દરમિયાન અચાનક "ભાગો ભાગો"ની બૂમ પડતાં અફડાતફડી મચી ગઈ હતી. ભાગદોડ દરમિયાન દોડેલા ચાર લોકોમાંથી ત્રણ યુવકો કૂવામાં ખાબક્યા હતા, જ્યારે એક વ્યક્તિ કૂવાની ધારે લટકી જતાં તેનો આબાદ બચાવ થયો હતો. આ અકસ્માતમાં રાહુલ પોપટભાઈ ચૌહાણ, નિલેશ ડાભી અને અજીતસિંહ સિંધા નામના ત્રણ યુવકોના મોત નીપજતાં પરિવારજનો સર ટી. હોસ્પિટલ ખાતે મોટી સંખ્યામાં દોડી આવ્યા હતા.

ઘટના અંગે વરતેજ પોલીસ સ્ટેશનના PSIના જણાવ્યા અનુસાર, ઘોઘા તાલુકાના ઉખરલા ગામે મોડી રાત્રે વાડીમાં કેટલાક માણસો ભેગા થયા હતા અને સવારે ફોન દ્વારા વાડીમાં લાશ પડી હોવાની માહિતી મળતાં જ પોલીસ ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. પોલીસે કૂવામાંથી એક પછી એક ત્રણેય મૃતદેહો બહાર કાઢીને પીએમ અર્થે સર ટી. હોસ્પિટલ ખસેડ્યા હતા. પોલીસના મતે આ લોકો શા માટે ભેગા થયા હતા તે હાલ તપાસનો વિષય છે. બીજી તરફ જુગાર પર પોલીસે રેડ પાડી હોવાના આક્ષેપ સામે પોલીસે સ્પષ્ટતા કરી હતી કે તેમની કોઈ ટીમ ત્યાં ગઈ નહોતી અને રેડ કરી હોય તેવું કંઈ ધ્યાને આવ્યું નથી.

સામે પક્ષે મૃતક અજિતસિંહના ભાઈ જગદીશભાઈએ પોલીસના દાવાનો વિરોધ કરતાં ગંભીર આક્ષેપો કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, સવારે બહેનનો ફોન આવતાં તેમણે ઉખરલા તપાસ કરી હતી, જ્યાં જુગાર ચાલુ હતો અને પોલીસની રેડ પડતાં લોકો ભાગ્યા હોવાની વાત સામે આવી હતી. કૂવામાંથી પહેલા બે અને બાદમાં તેમના ભાઈનો મૃતદેહ બહાર આવ્યો હતો. બચી ગયેલા વ્યક્તિએ પણ પોલીસ આવ્યા હોવાનું જણાવ્યું હતું. જગદીશભાઈએ સવાલ ઉઠાવ્યો હતો કે જો પોલીસે રેડ નથી કરી તો સ્થળ પર પહોંચેલા ચાર અજાણ્યા લોકો કોણ હતા તેની પોલીસે તટસ્થ તપાસ કરવી જોઈએ. હાલ વરતેજ પોલીસે આ સમગ્ર મામલે તપાસનો દોર આગળ ધપાવ્યો છે. દરમિયાનમાં આ બનાવે જિલ્લાભરમાં ચકચાર મચાવાઈ છે અને અનેક તર્ક વિતર્ક થઈ રહયા છે.

# ચિત્રામાં બે કારનો અકસ્માત : સ્કોર્પીયોના ચાલકે જાનથી મારી નાખવાની ધમકી આપી

**બોરતળાવ પોલીસ મથકમાં સ્કોર્પિયોના ચાલક સહીત ચાર સામે ટોયોટા ચાલક સિવિલ એન્જીનીયરની બોરતળાવ પોલીસ મથકમાં ફરિયાદ**

ભાવનગર,તા.૧૮

ભાવનગરના વિજયરાજનગર વિસ્તારમાં રહેતા અને વ્યવસાયે સિવીલ એન્જિનિયર પ્રતીકભાઈ નરેશભાઈ ચાપરા તા.૧૭ના રોજ રાત્રીના સુમારે પોતાની ટોયોટા હાઈરાઈડર કારમાં માતા-પિતા અને ભાઈ સાથે ચિત્રા સિદસર રોડથી રાજકોટ હાઈવે તરફ આવી રહ્યા હતા. તે દરમિયાન મસ્તરામબાપાના મંદિર પાસે પહોંચતા, આર.ટી.ઓ. સર્કલ તરફથી પુરપાટ ઝડપે અને બેફિકરાઈથી આવી રહેલી એક બ્લેક કલરની સ્કોર્પીયો કાર નંબરઃ ય્ન ૦૪ ઈં ૯૩૦૨ ના ચાલકે તેમની કાર સાથે ધડાકાભેર ટક્કર મારી હતી.

અકસ્માત બાદ સ્કોર્પીયોમાંથી ચારેય ઈસમો બહાર આવીને પ્રતીકભાઈ અને તેમના પરિવાર સાથે ઉશ્કેરાઈને ઝઘડો કરવા લાગ્યા હતા. આરોપીઓએ ગાળો આપી ધોલથપાટ કરી હતી તેમજ પ્રતીકભાઈના પિતા અને ભાઈને ઢીકાપાટુનો માર માર્યો હતો. આ દરમિયાન આરોપીઓ પૈકીના એક શખ્સે પોતાનું નામ મહેન્દ્ર ઉર્ફે ટકી જેન્તીભાઈ રાઠોડ હોવાનું જણાવી ફરીયાદ કરવા પર જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ મારામારીમાં પ્રતીકભાઈની સોનાની વીંટી અને પાકીટ પણ પડી ગયા હતા.

બનાવ અંગે ૧૧૨ પોલીસ પી.સી.આર.ને ફોન કરાતા આરોપીઓ ગાડી લઈને નાસી છૂટ્યા હતા. બાદમાં ભોગ બનનારે બોરતળાવ પોલીસ મથકમાં પહોંચીને સ્કોર્પીયો ચાલક મહેન્દ્ર ઉર્ફે ટકી જેન્તીભાઈ રાઠોડ અને અન્ય ત્રણ અજાણ્યા ઈસમો વિરુદ્ધ બી.એન.એસ. કલમ ૨૮૧, ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા મોટર વાહન અધિનિયમની કલમ ૧૭૭, ૧૮૪ હેઠળ ગુનો નોંધાવવા માટે લેખિત ફરિયાદ નોંધાવતા બોરતળાવ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# જીએસટી બાદ હવે ભાવનગરમાં શેરબજાર કૌભાંડ : 'ઈકોનો બ્રોકિંગ' ફર્મ પર સેબીના દરોડા

**રૂ. ૧૫૦૦ કરોડના 'પમ્પ એન્ડ ડમ્પ' કૌભાંડ મામલે મુંબઈ સેબીની ટીમની મોડી સાંજ સુધી સઘન તપાસ, મહત્વના દસ્તાવેજો જપ્ત કરાયા**




ભાવનગર,તા.૧૮

જીએસટી કૌભાંડમાં પંકાયેલું ભાવનગર શહેર જાણે આર્થિક અપરાધનું કેન્દ્ર બન્યું હોય તેમ સેબીએ ઉજાગર કરેલા શેરબજારના પમ્પ એન્ડ ડમ્પ કૌભાંડમાં અગાઉ એક વર્ષ પૂર્વે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ની તપાસ બાદ હવે સેક્યુરિટિઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ની ટીમે ધામા નાખ્યા છે. સ્થાનિક પોલીસના કડક બંદોબસ્ત વચ્ચે સેબીની મુંબઈ સ્થિત ટીમે શહેરના આતાભાઈ ચોક વિસ્તારમાં આવેલા ઈવા-૧ કોમ્પ્લેક્સ સ્થિત 'ઈકોનો બ્રોકિંગ' નામની સ્ટોક બ્રોકર ફર્મમાં સવારે ૧૦ વાગ્યે અચાનક દરોડા પાડી તપાસ શરૂ કરી હતી.

દરોડામાં સામેલ સેબીના અધિકારીઓએ કોઈ સત્તાવાર જાણકારી આપવાનું ટાળી મૌન સેવ્યું હતું, પરંતુ સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ આ કાર્યવાહી રૂ. ૧૫૦૦ કરોડના પમ્પ એન્ડ ડમ્પ કૌભાંડ સંદર્ભે કરવામાં આવી રહી છે. સવારે શરૂ થયેલી આ તપાસ મોડી સાંજ સુધી ચાલુ રહી હતી અને એજન્સી દ્વારા ફર્મમાંથી અનેક મહત્વના દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે 'પમ્પ એન્ડ ડમ્પ' એ શેરબજાર અને ક્રિપ્ટો કરન્સીમાં આચરવામાં આવતી છેતરપિંડીની એક વિશેષ પદ્ધતિ છે. જેમાં કૌભાંડીઓ દ્વારા પ્રથમ ઓછી કિંમત ધરાવતા પેની સ્ટોક મોટા પ્રમાણમાં ખરીદી લેવામાં આવે છે. ત્યારબાદ સોશિયલ મીડિયા અને એસએમએસ મારફતે આ સ્ટોકના ભાવ વધશે તેવી ખોટી હવા ફેલાવાય છે, જેના કારણે સામાન્ય રોકાણકારો પણ આકર્ષાઈને ખરીદી કરવા લાગતાં શેરનો ભાવ અતિશય વધી જાય છે. ભાવ પોતાના ઉચ્ચતમ સ્તરે પહોંચતાં જ કૌભાંડીઓ પોતાના તમામ શેર વેચીને મોટો નફો રળી લે છે. અચાનક મોટા પ્રમાણમાં વેચાણ થતાં પેની સ્ટોકના ભાવ તળિયે બેસી જાય છે અને નિર્દોષ સામાન્ય રોકાણકારોને ભારે આર્થિક નુકસાન પહોંચે છે.

# નાના ખૂટવડામાં માટલાં દાટી સંતાડેલો પરપ્રાંતીય દારૂ ઝડપાયો, એક ધરપકડ

ભાવનગર,તા.૧૮

બગદાણા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. કે.કે. રાઠોડના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ્ટેબલ એમ.ડી. કાપડિયા, એલ.એમ. બોરીચા, પો.કોન્સ. ધનસુખભાઈ ગોરધનભાઈ અને સંજયભાઈ ગોબરભાઈ વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા. તે દરમિયાન નાના ખૂટવડા ગામે રામાપીરના મંદિર પાસે પહોંચતા પો.કોન્સ. ધનસુખભાઈને ચોક્કસ બાતમી મળી હતી કે નાના ખૂટવડાના ધોળી ભેખ વાડી વિસ્તારમાં રહેતા પ્રવીણભાઈ સામતભાઈ ગોહિલ તથા અમરસિંહ સામતભાઈ ગોહિલ પોતાના મકાનમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ રાખી વેચાણ કરે છે.

બાતમીના આધારે પોલીસે તાત્કાલિક દરોડો પાડતાં સ્થળ પરથી અમરસિંહ સામતભાઈ ગોહિલ (ઉં.વ. ૨૬, રહે. નાના ખૂટવડા) હાજર મળી આવ્યો હતો. પંચોની સમક્ષ મકાનની ઝીણવટભરી તપાસ કરતા રસોડાની સામે જમીનમાં ખાડા કરી મોટા માટલા દાટી સંતાડેલી 'પોલેન્ડ પ્રાઈડ ઓરેન્જ વોડકા' લખેલી ૧૮૦ સ્ની વિદેશી દારૂની ૩૭ બોટલ તથા એક મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૧૦,૧૮૦નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. રેડ દરમિયાન બીજો આરોપી પ્રવીણભાઈ સામતભાઈ ગોહિલ હાજર મળી આવ્યો ન હતો. બગદાણા પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ પ્રોહિબિશન એકટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઘોઘાના થળસરમાં પાસે જુગાર રમતા ૩ ઝડપાયા, ૫ ફરાર

**રૂ.૧૭,૨૦૦ની રોકડ સહીત મુદામાલ જપ્ત કરતી ઘોઘા પોલીસ**

ભાવનગર,તા.૧૮

ઘોઘા પોલીસ સ્ટેશનના સ્ટાફના માણસો પેટ્રોલીગમાં હતા તે દરમિયાન બાતમી મળી હતી કે થળસર ગામના સરવણીયા મહાદેવ મંદિરના ગેટ પાસે, સ્ટ્રીટ લાઈટના અજવાળે જાહેર જગ્યામાં કેટલાક શખ્સો ગંજીપાના વડે તીનપત્તીનો જુગાર રમી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે પંચોને સાથે રાખીને મોડીરાત્રે સ્થળ પર રેડ કરી હતી. અને જુગાર રમતા ત્રણ શખ્સોને ઝડપી લીધા હતા જયારે ૫ શખ્સો પોલીસને જોઈ નાસી ગયા હતા.

ઘોઘા પોલીસે દરોડો પાડતા સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમતા વીરભદ્રસિંહ મહીપતસિંહ ગોહીલ, પ્રતિપાલસિંહ જીણુભા ગોહીલ તથા જયપાલસિંહ ચતુરસિંહ ગોહીલ રંગેહાથ ઝડપાઈ ગયા હતા. તેઓની પાસેથી તથા પટ્ટના ભાગેથી રોકડા અને ગંજીપાના મળી કુલ રૂ.૧૭,૨૦૦ નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

પોલીસની રેડ દરમિયાન કુલદીપસિંહ ઉર્ફે કુદો રાજુભા ગોહિલ, અશ્વિનસિંહ ઉર્ફે ટી.ટી. ફુલુભા ગોહિલ, જયપાલસિંહ દશરથસિંહ ગોહિલ, મહેન્દ્રસિંહ ઉર્ફે મેંદુભા ગોહિલ અને રાજુભા ઉર્ફે ગટીશ જીલુભા ગોહિલ નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. પકડાયેલા ત્રણેય આરોપીઓ વિરુદ્ધ જુગારધારા કલમ-૧૨ મુજબ ગુનો નોંધી ઘોઘા પોલીસે કાયદેસરની અટકાયત કરી આગળની તપાસ હાથ ધરી છે.

# ૨૦% વળતરની લોભામણી સ્કીમમાં વધુ ૭ આરોપી ઝડપાયા

ભાવનગર,તા.૧૮

ભાવનગરના વરતેજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા શેરબજારના નામે દર મહિને ૨૦ ટકા વળતર આપવાની લોભામણી સ્કીમના કરોડો રૂપિયાના ગુનામાં લોકલ ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા સાંપડી છે. પોલીસે આ રેકેટમાં એજન્ટ અને ભાગીદાર તરીકે સક્રિય રહી ગેરકાયદેસર લાભ મેળવનારા વધુ ૭ આરોપીઓની ધરપકડ કરી છે. પકડાયેલા આરોપીઓ પૈકી ફરિયાદકા ગામના વિનોદ ઘાંઘવ, કુલદિપ ધામેચા, વિજય ઉણેચા, જગદિશ ઉણેચા, સંજય ઉણેચા, દિલીપ ઉણેચા અને સિહોરના કેવલ ધામેચાનો સમાવેશ થાય છે.

તપાસ દરમિયાન પોલીસે આરોપીઓએ ગેરકાયદે કમાણીમાંથી ખરીદેલા રૂ. ૩૬,૮૯,૯૮૫/-ની મત્તાનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. જેમાં સોનાના વિવિધ દાગીના (ચેઈન, હાર, બુટ્ટી, વીંટીઓ), મારુતિ એરટીગા કાર, બે રોયલ એનફીલ્ડ બુલેટ, બે સુઝુકી એક્સેસ સ્કૂટર, હોન્ડા બાઈક, આઈફોન ૧૭ પ્રો






મેક્સ અને સેમસંગ જી૨૬ અલ્ટ્રા જેવા મોંઘા સ્માર્ટફોન તથા મહત્વના ૧૧ હિસાબી ચોપડાનો સમાવેશ થાય છે.

આ મામલે ભાવનગર જિલ્લા પોલીસ દ્વારા જાહેર જનતાને અનુરોધ કરવામાં આવ્યો છે કે, જે નાગરિકોએ ફરિયાદકા ગામના સંજયભાઇ ધામેચા તથા યોગેશભાઇ ધામેચા પાસે નાણાંનું રોકાણ કર્યું હોય અને રકમ પરત ન મળી હોય, તેઓએ જરૂરી પુરાવા અને દસ્તાવેજો સાથે કાયદેસરની કાર્યવાહી માટે ભાવનગર LCB કચેરીનો સંપર્ક કરવો.

**રૂ. ૩૬.૮૯ લાખના સોનાના દાગીના, લકઝ્યુરિયસ વાહનો, આઈફોન અને હિસાબી ચોપડા જપ્તઃ પોલીસે રોકાણકારોને સંપર્ક કરવા કરી અપીલ**